જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૮/૨૦૨૦ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૨૦/૨૦૨૦**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની
તા.૨૧/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૬૩ | ૧ | ૧૦૩૬૪ | ૧૬૪૫૨ | ૧ | ૧૬૪૫૩ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૧ | ૫૮૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૫ | ૦ | ૪૫ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૬૯ | ૦ | ૧૪૦૬૯ | ૧૪૭૦૦ | ૧૦ | ૧૪૭૧૦ |
| | કુલ | ૨૮૮૧૪ | ૧ | ૨૮૮૧૫ | ૩૭૨૧૭ | ૧૨ | ૩૭૨૨૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૨ | ૭,૮૮,૪૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૭ | ૧,૦૭,000/- |

# છેતરપીંડીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન :

## વિશ્વાસઘાત અને છેતરપિંડી થી મેળવેલ ઇનોવા ગાડી સાથે આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ.કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી ઝોન -૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં મિલકત સબંધી તથા અન્ય ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે રાણીપ સર્વેલન્સ સ્કોડના અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.નં ૪૦૮૪ તથા પો.કો કાનજીભાઇ કમલેશભાઈ બ.ન ૪૯૬૩ તથા પો.કો સવજીભાઇ રામજીભાઇ બ.ન ૬૯૦૫ તથા અ.લો.ર આનંદકુમાર રામજીભાઈ બ.ન ૧૩૧૮ તથા અ.લો.ર સુડાંભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ નાઓ તમામ પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.નં ૪૦૮૪ તથા અ.લો.ર આનંદકુમાર રામજીભાઈ બ.ન ૧૩૧૮ નાઓ બન્નેની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે ખેંગારજીનો ટેકરો રાણીપ પાણીની ટાંકી પાસેથી આરોપી જયેશ ઉર્ફે જયલો ડાહ્યાભાઇ જાતે રાઠોડ (મિસ્ત્રી) ઉ.વ ૩૭ ધંધો ડ્રાઈવીંગ રહે હાલ રહે મ.ન એ/૫૦૧ વિષ્ણુધારા ક્રોસરોડ ફ્લેટ , સેતુ વર્ટીકાની સામે ન્યુ ગોતા , સોલા , અમદાવાદ શહેર તથા પાર્ટ-૩ ૪૫ શ્રીજી રો હાઉસ , સૂર્ય અમી ફ્લેટ ની સામે , જી.એસ.ટી રોડ , રાણીપ અમદાવાદ શહેર તથા મૂળ વતન ગામ ખોડું શંકરની ડેરીની બાજુમાં તા. વઢવાણ જી. સુરેન્દ્રનગર નાઓ પાસેથી એક ઇનોવા ગાડી સફેદ કલરની (ટોયોટો) કંપની આગળ પાછળ આર.ટી.ઓ નંબર જીજે-૦૧-એચ.પી.૫૮૮૮ ચેસીસ નંબર MBJ11JV4007072865 તથા એન્જિન ન 2KD9819498 જે ચાવી સાથેની જેની કિ.રૂ.૨,૫૦,૦૦૦/-જેટલી ગણી તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી સ્થાનીક રાણીપ પો.સ્ટે પાર્ટ 'એ' ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૨૨૦૦૦૮૯/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ મુજબનો ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૨૧/૦૮/૨૦૨૦



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## દરીયાપુર પોલીસ સ્ટેશન :

### રીઢા ચેનસ્નેચરો તથા વાહનચોરી કરતાં ઈસમોને શોધી કાઢતી દરીયાપુર પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર -૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'એફ' ડિવીઝન નાઓની મૌખિક સુચના આધારે તેમજ માર્ગદર્શન આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી આર.આઈ. જાડેજા તથા પોલીસ ઈન્સપેકટર શ્રી જે.બી ચાવડા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તા-૨૧/૮/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન દરીયાપુર પો.સ્ટે સ્ટે.ડા એન્ટ્રીનં-૧૮/૨૦૨૦ તા-૨૧/૮/૨૦૨૦ ના કામના આરોપીઓ (૧) મોહમદશાહીદ સન/ઓ ઈકબાલભાઈ કુરેશી ઉ.વ-૩૭ રહે- મનં-૨૮૯૬ દાદામીયાની ગલી પોપટીયાવાડ દરીયાપુર અમદાવાદ શહેર (૨) નવાઝખાન @ઝીણીયો સન/ઓ યુસુફખાન પઠાણ ઉ.વ-૩૫ રહે- મનં-૨૨૦૮ હોટલ ટુરીસ્ની ગલીમાં પાંચકૂવા કાલુપુર અમદાવાદ શહેર નાઓએતાજેતરમાં કાલુપુર પોલીસ સ્ટેશન ગુરન-૧૧૧૯૧૦૨૬૨૦-૦૩૫૬ ઈપીકો કલમ ૩૭૯ મુજબના કામે ચોરી ગયેલ એક હીરો CBZ XTREME મો.સા જેનો આરટીઓ નં- જીજે-૧-યુસી-૭૦૪૮ ની આરોપી નં (૧) નાએ ચોરી કરી તે મો.સા પર આરોપી નં (૨) નાની સાથે મળી વટવાજીઆઈડીસી પો.સ્ટે ખાતે ગુરનં-, ૧૧૧૯૧૦૧૯૨૦-૦૫૯૦ ઈપીકો કલમ ૩૭૯એ(૧) મુજબના આચરેલ જેના સીસીટીવી ફુટેજ વાયરલ થયેલજે આધારે આજરોજ તા-૨૧/૮/૨૦૨૦ ના કલાક ૧૭/૩૦ વાગે ઉપરોકત બન્ને ઈસમોને નજરકેદ કરી પ્રશસનીય કામગીરી કરેલ છે.

આરોપીઓ :- આરોપીઓ (૧) મોહમદશાહીદ સન/ઓ ઈકબાલભાઈ કુરેશી ઉ.વ-૩૭ રહે- મનં-૨૮૯૬ દાદામીયાની ગલી પોપટીયાવાડ દરીયાપુર અમદાવાદ શહેર (૨) નવાઝખાન @ઝીણીયો સન/ઓ યુસુફખાન પઠાણ ઉ.વ-૩૫ રહે- મનં-૨૨૦૮ હોટલ ટુરીસ્ટ ગલીમાં પાંચકૂવા કાલુપુર અમદાવાદ શહેર

શોધાયેલ ગુન્હા:- (૧) કાલુપુર પોલીસ સ્ટેશન ગુરન-૧૧૧૯૧૦૨૬૨૦-૦૩૫૬ ઈપીકો કલમ ૩૭૯ મુજબ (૨) વટવાજીઆઈડીસી પો.સ્ટે ખાતે ગુરનં-, ૧૧૧૯૧૦૧૯૨૦-૦૫૯૦ ઈપીકો કલમ ૩૭૯એ(૧) મુજબ

બાતમી હકીકત મેળનાર કર્મચારીઓ (૧) હેકો ઉદયભાન લક્ષ્મીકાંત (૨) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ

ઝડપી પાડનાર અધિકારી/કર્મચારીઓઃ- (૧) પો.સબ.ઈન્સ શ્રી આર.પી દરજી (૨) મસઈ અકબરખાન શેરખાન (૩) હેકો ઉદયભાન લક્ષ્મીકાંત (૪) પોકો જીવણભાઈ રૂખડભાઈ (૬) લોકરક્ષક સંજયસીગ માનસીંગ (૭) લોકરક્ષક રાહુલકુમાર અમરતભાઈ (૮) લોકરક્ષક વસીમમીયાં ઉસ્માનમીયાં (૯) લોકરક્ષક મેરામણભાઈ કિસાભાઈ (૧૦) લોકરક્ષક ધનરાજસીહ દીપસીહ

## આરોપીઓનો પુર્વ ઈતિહાસ

| | |
|---|---|
| (૧) મોહમદશાહીદ સન/ઓ ઈકબાલભાઈ કુરેશી નો પુર્વ ઈતિહાસ | (૨) નવાઝખાન @ઝીણીયો સન/ઓ યુસુફખાન પઠાણનો પુર્વ ઈતિહાસ |
| (૧) ગાયકવાડ હવેલી પો.સ્ટે ફસ્ટ-૧૧/૨૦૧૯ ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ | (૧) કાલુપુર પો.સ્ટે ફસ્ટ-૨૧૨/૨૦૦૬ ઈપીકો કલમ ૩૯૪ ,૧૧૪ |
| (૨) સરદારનગર પો.સ્ટે ફસ્ટ-૧૮/૨૦૧૬ ઈપીકો કલમ ૩૫૬ ,૫૧૧,૧૧૪ | (૨) મણીનગર પો.સ્ટે ફસ્ટ-૩૫/૨૦૧૬ ઈપીકો કલમ ૩૫૬ ,૩૭૯,૧૧૪ |
| (૩) પાલડી પો.સ્ટે ફસ્ટ- ૧૯/૨૦૧૭ ઈપીકો કલમ ૩૭૯,૩૫૬ | (૩) ધાટલોડીયા પો.સ્ટે ફસ્ટ- ૩૮/૨૦૧૭ ઈપીકો કલમ ૩૭૯,૩૫૬ |
| (૪) મણીનગર પો.સ્ટે ફસ્ટ -૩૫/૨૦૧૬ ઈપીકો કલમ ૩૭૯ ,૩૫૬ ,૪૧૧ | (૪) પાલડી પો.સ્ટે ફસ્ટ -૪૭/૨૦૧૮ ઈપીકો કલમ ૩૭૯ ,૩૫૬ ,૧૧૪ |
| (૫) ધાટલોડીયા પો.સ્ટે ફસ્ટ-૩૮/૨૦૧૭ ઈપીકો કલમ ૩૭૯ ,૩૫૬ ,૧૧૪ | (૫) મણીનગર પો.સ્ટે ફસ્ટ-૫૩/૨૦૧૬ ઈપીકો કલમ ૩૭૯ ,૩૫૬ ,૧૧૪ |
| (૬) દાણીલીમડા પો.સ્ટે ફસ્ટ -૫૨/૨૦૧૭ ઈપીકો કલમ ૩૫૬ ,૩૭૯,૧૧૪ | (૬) વાડજ પો.સ્ટે ફસ્ટ -૫૬/૨૦૧૭ ઈપીકો કલમ ૩૭૯ |
| (૭) સેટેલાઈટ પો.સ્ટે ફસ્ટ-૫૨/૨૦૧૯ ઈપીકો કલમ ૩૯૨ ,૧૧૪ | (૭) બાપુનગર પો.સ્ટે ફસ્ટ-૫/૨૦૧૮ ઈપીકો કલમ ૩૯૨ ,૧૧૪ ,૪૧૧ |
| (૮) વસ્ત્રાપુરપો.સ્ટે ફસ્ટ-૫૬/૨૦૧૭ ઈપીકો કલમ ૩૫૬,૩૭૯ ,૧૧૪ | (૮) ગુજરાત યૂનિ પો.સ્ટે ફસ્ટ-૬૪/૨૦૧૮ ઈપીકો કલમ ૩૫૬,૩૭૯ ,૧૧૪ |
| (૯) આનંદનગર પો.સ્ટે ફસ્ટ-૫૯/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯ ,૩૫૬,૧૧૪ | (૯) શાહીબાગ પો.સ્ટે ફસ્ટ-૭૫/૨૦૧૮ ઈપીકો કલમ ૩૭૯ ૧૧૪ |
| (૧૦) ઓઢવ પો.સ્ટે ફસ્ટ-૬૧/૨૦૧૭ ઈપીકો ૩૫૬ ,૩૭૯,૧૪ | (૧૦) પાલડી પો.સ્ટે ફસ્ટ-૧૦૫/૨૦૧૭ ઈપીકો ૩૫૬ ,૩૭૯,૫૧૧ |
| (૧૧) બાપુનગર પો.સ્ટે ફસ્ટ-૭૩/૨૦૧૭ ઈપીકો કલમ ૩૫૬,૩૭૯ | (૧૧) ઈસનપુર પો.સ્ટે ફસ્ટ-૧૩૨/૨૦૧૭ ઈપીકો કલમ ૩૫૬,૩૭૯,૧૧૪ |
| (૧૨) મણીનગર પો.સ્ટે ફસ્ટ-૯૩/૨૦૧૬ ઈપીકો કલમ ૩૭૯,૩૫૬ | (૧૨) ઓઢવ પો.સ્ટે ફસ્ટ-૧૫૮/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯એ(૩) |
| (૧૩) ધાટલોડીયા પો.સ્ટે ફસ્ટ- ૧૧૩/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯એ(૩) | (૧૩) વાડજ પો.સ્ટે ફસ્ટ- ૨૨૪/૨૦૧૭ ઈપીકો કલમ ૩૫૬, ૩૭૯,૧૧૪ |
| (૧૪) કાગડાપીઠ પો.સ્ટે ફસ્ટ-૧૨૭/૨૦૧૫ ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ | (૧૪) ઓઢવ પો.સ્ટે ફસ્ટ-૩૬૬/૨૦૧૪ ઈપીકો કલમ ૩૭૯,૩૫૬,,૫૧૧ ., ૧૧૪ |
| (૧૫) સેટેલાઈટ પો.સ્ટે ફસ્ટ-૧૫૩/૨૦૧૬ ઈપીકો કલમ ૩૯૩,૧૧૪ | (૧૫) એલીસબ્રીજ પો.સ્ટે ફસ્ટ-૧૯/૨૦૦૬ ઈપીકો કલમ ૪૬૧,૩૭૯ |
| (૧૬) સરદારનગર પો.સ્ટે ફસ્ટ-૨૪૪/૨૦૧૫ ઈપીકો કલમ ૩૫૬,૩૭૯ ,૧૧૪ | (૧૬) બાપુનગર પો.સ્ટે ફસ્ટ-૨૯૧/૨૦૦૬ ઈપીકો કલમ ૪૫૪,૩૮૦ ,૪૫૭ |
| (૧૭) નવરંગપુરા પો.સ્ટે ફસ્ટ-૪૯૩/૨૦૦૬ ઈપીકો કલમ ૩૭૯,૪૬૧,૫૧૧ | (૧૭) નવરંગપુરા પો.સ્ટે ફસ્ટ-૮૯૨/૨૦૦૪ ઈપીકો કલમ ૩૭૯,૪૬૧ |
| (૧૮) કાલુપુર પો.સ્ટે સે-૩૨૩૪/૨૦૧૪ જીપી એકટ કલમ ૧૪૨ મુજબ | (૧૮) સેટેલાઈટ પો.સ્ટે ફસ્ટ-૯૪૯/૨૦૦૬ ઈપીકો કલમ ૩૭૯,૩૫૬ ,૧૧૪ |
| | (૧૯) કાલુપુર પો.સ્ટે ફસ્ટ-૧૦૫/૨૦૦૦ ઈપીકો કલમ ૩૭૯ |
| | (૨૦) વસ્ત્રાપુર પો.સ્ટે ગુરન-૧૧૧૯૧૦૨૦૨૦-૧૨૮૯ ઈપીકો કલમ ૩૭૯એ(૩ |



# ઇસનપુર પોલીસ સ્ટેશનના ચેઇન સ્નેચીંગના બે ગુના તથા મણીનગર પોલીસ સ્ટેશનનો ચેઇન સ્નેચીંગનો એક ગુનો મળી ચેઇન સ્નેચીંગના કુલ-૦૩ ગુના શોધી કાઢી મુદ્દામાલ રીકવર કરતી ઇસનપુર પોલીસ

ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૨૭૪/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪ મુજબના કામના ફરીયાદી પુષ્પાબેન નરેન્દ્રભાઇ મિશ્રા ઉ.વ ૪૮ રહે,મ.નં ૭૭ હરિઓમ પાર્ક સોસાયટી સાંઇબાબા એપાર્ટમેન્ટ નજીક બચુભાઇ રોડ વટવા અમદાવાદ શહેરનાઓની ફરીયાદના કામે ગઇ તા.૧૮/૦૮/૨૦૨૦ ના કલાક ૧૩/૩૦ વાગે ફરીયાદી પોતાની પૌત્રી સાથે પોતાના પુત્રની મો.સા ઉપર બેસી જતા હતા તે વખતે ઘોડાસર ગામ મ્યુનિસીપાલીટી ગાર્ડનની સામે હનુમાનજીના મંદીરના આગળ જાહેર રોડ ઉપર આવતા પોતાની પાછળથી એક મો.સા ઉપર બે અજાણ્યા ઇસમોએ આવી મો.સા ની પાછળ બેઠેલ ઇસમે ફરીયાદીના ગળામા હાથ નાખી ફરીયાદીએ પહેરેલ સોનાની આશરે સાડા આઠેક ગ્રામ વજનની સોનાની ચેઈન જેની કિંમત આશરે રૂપિયા ૨૦,૦૦૦/-ગણી શકાય તે ખેચી તોડી ભાગી ગયેલ જે ચેઇનનો એક ટુકડો ફરીયાદીના બ્લાઉઝમા ભરાઇ ગયેલ

સદર ગુનો દાખલ થયા બાદ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી મિલ્કત સબંધી ચેઇન સ્નેચીંગના ગુનાઓ શોધી કાઢવા સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ નાઓના સીધા માર્ગ દર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ પી.આર.ચાવડાનાઓએ સર્વેલન્સ સ્કોડના માણસોની જુદી-જુદી ટીમો બનાવી બનાવવાળી જગ્યાની આસપાસના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરી મો.સા ઉપર ચેઇન સ્નેચીંગ કરવા માટે આવેલ આરોપીઓ મો.સા લઇને આવેલ તે બેક રૂટ તથા સ્નેચીંગ કરીને ભાગેલ તે રૂટના સી.સી.ટી.વી ફુટેજ ચેક કરતા જેમા મો.સા ઉપર પાછળ બેઠેલ ઇસમની ઓળખ થતા તે વટવા બીબી તળાવ પાસે રહેતો મોહશીન ઉર્ફે ચાચા હોવાનુ જાણવા મળેલ અને તે અગાઉ ચેઇન સ્નેચીંગના ગુનામા પકડાયેલ હોવાની હકિકત જાણવા મળતા અને તેના ઘરે જતો નહી હોવાની હકિકત જાણવા મળેલ અને તેની તપાસમા હતા દરમ્યાનમા ગઇ તા ૧૯/૦૮/૨૦૨૦ ના કલાક ૨૦/૧૫ વાગે ઇસનપુર ચાર રસ્તા ખાતેથી બે આરોપીઓ (૦૧) મોહંમદફીરોજ ઉર્ફે પિલુ નજીરભાઇ શેખ ઉ.વ ૩૦ રહે,મ.નં ડી/૧૫ પાનવાળી ચાલી શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેર તથા (૦૨) મોહંમદમોહસીન ઉર્ફે ચાચા ઇસરાફીલ અંસારી ઉ.વ ૩૩ રહે,મ.નં ૨૪ અલસબા પાર્ક સૌરાષ્ટ્ર પેઇન્ટની સામે બીબી તળાવ પાસે વટવા અમદાવાદ શહેરનાઓને ઉપરોક્ત ગુનામા ગયેલ સોનાની ચેઇનનો એક ટુકડો ૩ ગ્રામ ૧૨૦ મી.લી ગ્રામ છે જેની કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-તથા ગુનો કરવામા વાપરેલ એક નંબર પ્લેટ વગરની હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા કિંમત રૂપિયા ૬૫,૦૦૦/-ની મળી કુલ કુલ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડવામા આવેલ

અને સદરી આરોપીઓએ પુછપરછ દરમ્યાનમા તા ૧૮/૦૮/૨૦૨૦ ના બપોરના ઇસનપુરબ્રીજની વચ્ચે એક બહેન એકટીવા ઉપર પાછળ બેસી જતા હતા તેમના ગળામાથી તથા તા ૨૯/૦૭/૨૦૨૦ ના રોજ સાંજના મણીનગર મેઘદુત સ્કુલની આગળ જાહેર રોડ ઉપર એક બહેન જતા હતા તેમના ગળામાથી ખેચી તોડી લઇ ગયેલ હોવાની કબુલાત કરતા જે બે ચેઇનો જેમા એક સોનાની ૮.૬૧૯ ગ્રામ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-ની તથા એક સોનાની ૭.૫૮૭ ગ્રામ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/-ની મળી ઉપરોક્ત આરોપીઓ પાસેથી કુલ ત્રણ સોનાની ચેઇનો તથા ગુનામા વાપરેલ મો.સા મળી કુલ રૂપિયા ૧,૫૫,૦૦૦/-નો મુદ્દામાલ રીકવર કરી આરોપીઓનો કોરોના રીપોર્ટ નેગેટીવ આજરોજ તા ૨૧/૦૮/૨૦૨૦ ના કલાક ૧૫/૦૦ વાગે ગુનામા અટક કરી ઇસનપુર પોલીસ સ્ટેશનના ચેઇન સ્નેચીંગના બે ગુના તથા મણીનગર પોલીસ સ્ટેશનનો ચેઇન સ્નેચીંગનો એક ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે તા ૨૧/૦૮/૨૦૨૦

શોધાયેલ ગુના;-

(૦૧) ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૨૭૪/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪

(૦૨) ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૦૧૨૭૬/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪

(૦૧) મણીનગર પોલીસ સ્ટેશન ગુના નં-પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૨૨૦૦૬૦૨/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)૩,૧૧૪

આ કામગીરી કરનાર ટીમ

(૧) જે.એમ.સોલંકી સીનીયર પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન માર્ગ દર્શન અને સુચના

(૨) કે.બી.સાંખલા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર ઇસનપુર પોલીસ સ્ટેશન-માર્ગ દર્શન અને સુચના

(૩) એ.એસ.આઇ પરેશભાઇ રામભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓને અટક કરનાર

(૪) અ.હેડ.કોન્સ જાકીરખાન મહેબુબખાન સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૫) અ.હેડ.કોન્સ મો.અશરફ ઇસ્માઇલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન------બાતમી

(૬) અ.હેડ.કોન્સ સુરેશકુમાર જીવણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-----બાતમી

(૭) લોકરક્ષક અનિરૂધ્ધસિહ જાલુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-----બાતમી

(૮) લોકરક્ષક ભરતભાઇ લક્ષ્મણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન-----બાતમી

(૯) અ.હેડ.કોન્સ કુલદિપસિહ હરૂભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૦) લોકરક્ષક સચિન નારણભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન ;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૧) અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૨) અ.પો.કો અમીતકુમાર દાનાભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૩) અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૪) અ.પો.કો પ્રભાતસિહ દેવુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૫) લોકરક્ષક મયુરસિહ રમેશભાઇ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૬) લોકરક્ષક રોહીતસિહ નટુભા સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા

(૧૭) લોકરક્ષક મહાવીરસિહ રણજીતસિહ સર્વેલન્સ સ્કોડ ઇસનપુર પોલીસ સ્ટેશન;-આરોપીઓ પકડવામા સાથે મદદમા



# <u>ગુમ થયેલ બાળકી શોધ્યા અંગેની કામગીરીની વિગત</u>

**<u>નરોડા પોલીસ સ્ટેશન :</u>**

## <u>ગુમ થયેલ બાળકી તથા તેની માતાને શોધી કાઢતી નરોડા પોલીસ</u>

મેહરબાન ડી.જી.પી. સાહેબ શ્રી, તથા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો. કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના. પો. કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મ.પો. કમિશ્નરશ્રી "જી" ડીવીઝન તથા પો.ઇન્સ.શ્રી જે.જી.પટેલ સાહેબ નાઓએ ગુમ થયેલ બાળકો શોધી કાઢવા અંગે સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશન પો.સ.ઇ. એ.એન.ભટ્ટ તથા પ્રો.પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા અ.હે.કો. કમલેશગીરી રમેશગીરી બ.નં.-૪૨૦૨ તથા અનાર્મ લોકરક્ષક કેવલકુમાર લખાભાઇ બ.ન.-૨૭૭ તથા અનાર્મ વુમન લોકરક્ષક અંકિતાબેન પ્રકાશભાઇ બ.નં.- ૧૫૮૩ માણસો સાથે નરોડા પોલીસ સ્ટેશન જા.જોગ નં.- ૩૭/૨૦૧૬ તા.૦૩/૦૪/૨૦૧૬ ના કામે ગુમ થનાર અર્ચનાબેન વા/ઓ આશિષકુમાર જાતે વ્યાસ ઉ.વ.- ૨૬ તથા તેમની દીકરી નામે સાક્ષી ઉ.વ.- ૦૯ બન્ને રહે.- મ.નં.- ૧૯૯, મોટો વ્યાસવાડો, નરોડા ગામ, અમદાવાદ નાઓ ગઇ તા.- ૦૯/૦૩/૨૦૧૬ ના રોજ પોતાના ઘરેથી તેમની દિકરી સાથે કોઇને જાણ કર્યા વગર ચાલ્યા ગયેલ હોય જેઓને આજરોજ તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ મળેલ માહીતી આધારે શોધી કાઢી ગુમ થનાર અર્ચનાબેન તથા તેમની દીકરી સાક્ષીને પરત સહી સલામત તેઓના પરિવારને સોપેલ છે તા.૨૧/૦૮/૨૦૨૦

<u>કામગીરી કરનાર અધિકારી / કર્મચારી</u>

પો.સ.ઇ. એ.એન.ભટ્ટ તથા પ્રો.પો.સ.ઇ. કે.બી.રાઠોડ તથા અ.હે.કો. કમલેશગીરી રમેશગીરી બ.નં.-૪૨૦૨ તથા અનાર્મ લોકરક્ષક કેવલકુમાર લખાભાઇ બ.ન.-૨૭૭ તથા અનાર્મ વુમન લોકરક્ષક અંકિતાબેન પ્રકાશભાઇ બ.નં.-૧૫૮૩





# AHTU ક્રાઇમ બ્રાંચ અમદાવાદ સીટી

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા મે.ખાસ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાંચ તેમજ મે.નાયબ પો.કમિશ્નર.શ્રી ક્રાઇમ બ્રાંચ અને મે.મદદનીશ પો.કમિશ્નર.શ્રી. મહિલાસેલ નાઓની સુચના આધારે ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા સારૂ (૧) સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૩૫/૧૮ ઇપીકો કલમ-૩૬૩,૩૬૬ મુજબના કામનો આરોપી જીગર ધરમસિંહ યાદવ નાનો આ કામની ભોગ બનનાર સાથે તેના મુળવતન ગામ શાહપુર ગુર્જર થાના ચિત્રહારા, આગ્રા (ઉત્તરપ્રદેશ) (૨) ઓઢવ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૮૩/૧૩ ઇપીકો કલમ-૩૬૩,૩૬૬ ના કામનો આરોપી કાંન્ત શ્યામવીર શર્મા નાનો આ કામની ભોગ બનનાર સાથે તેના મુળ વતન ગુટના તા.ફતેહગઢ જી.ફરુકાબાદ યુ.પી ખાતે તેમજ (૩)જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૫/૧૩ ઇપીકો કલમ-૩૬૩, ૩૬૬ ના કામનો આરોપી નીરજસિંહ વિરેન્દ્રસિંહ ઠાકોર નાનો ભોગ બનનાર ને તેના મુળ વતન ગામ કારેમાટી, પો.સ્ટ. ટીકરુલી, હમીરપુર, (ઉત્તરપ્રદેશ) ખાતે રહેતા હોવાની તપાસ દરમ્યાન માલુમ પડતા તુરંત જ A.H.T.U ની ટીમ બનાવી રવાના કરેલ અને જેમા નં(૧) સરખેજ પોલીસ સ્ટેશન (૨)ઓઢવ પોલીસ સ્ટેશન ના ગુનાના આરોપી તેમજ ભોગ બનનાર મળી આવેલ તથા (૩)જી.આઈ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ના ગુનામા ફક્ત ભોગ બનનાર મળી આવેલ હોઈ જેઓ તમામ ને અત્રે લાવી જે તે પોલીસ સ્ટેશન ખાતે વધુ તપાસ અર્થે આજ રોજ સોંપવામા આવેલ છે. તા.૨૧/૦૮/૨૦૨૦

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઓઢવ પોલીસ સ્ટેશન :-**

## પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ઈસમોને પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ સ્ટેશનની પોલીસ

પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર ગૌતમ પરમાર સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ અચલ ત્યાગી સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર આઈ ડીવીઝન એન.એલ.દેસાઈ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા ઓઢવ પો. સ્ટેશન નાઓએ જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે તા-૧૯/૦૮/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોર્ડના માણસો ઓઢવ પો. સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને અ.લો.ર. હરદેવભાઈ અજાભાઈ બ.નં.-૧૫૩૦ તથા અ.લો.ર. દિગ્વીજયસિંહ જગદિશસિંહ બ.નં.-૧૧૭૪૫ નાઓને મળેલ બાતમી હકીકતના આધારે કલાક- ૨૧/૦૦ વાગે ઓઢવ રાજેન્દ્રપાર્ક વેરાથી દક્ષીણ દીશામા ૨૦૦ મીટર આગળ અંબીકા લેડીઝ ટ્રેલર નામની દુકાનના ધાબા ઉપર જાહેરમાથી આઠ પુરૂષ તથા એક મહીલા કુલ- નવ નાઓને મુદ્દામાલ સાથે પકડી લઈ મુદ્દામાલ કબ્જે કરી ગુનો રજીસ્ટર કરી સ્થાનીક કક્ષાએ જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે

ગુ.ર.નં.- ઓઢવ પો. સ્ટે. પાર્ટ બી/૧૧૧૯૧૦૩૭૨૦૦૯૫૦/૨૦૨૦ ધી જુગાર ધારા એકટ કલમ-૧૨ મુજબ

આરોપી- કેતનભાઈ સ/ઓ રમેશભાઈ જંયતીલાલ શાહ ઉ.વ.-૬૦ રહેવાસી મ. નં.-૬ પદ્માવતી એપાર્ટમેન્ટ રવીકુંજ સોસાયટી નારણપુરા અમદાવાદ શહેર બીજા આઠ કુલ નવ

મુદ્દામાલ- (૧) રોકડા નાણા રૂ.- ૨૬૨૦૦/- (૨) હોન્ડા એકટીવા મોપેડ-૧ કી.રૂ.-૩૦૦૦૦/- (૩) બજાજ ડીસકવર મો. સા.-૧ કી. રૂ.- ૨૦૦૦૦/- (૪) મોબાઈલ ફોન નંગ-૬ કી. રૂ.-૨૨૦૦૦/- (૫) ગંજી પાના નંગ-૫૨ કિ. રૂ.-૦૦/૦૦ -કુલ રૂ- ૯૮૨૦૦/- નો મુદ્દામાલ

કામગીરી કરનાર- (૧) પો. સબ ઈન્સ. આર. એ. ઝાલા (૨) અ.હે.કો. રાજેશભાઈ રમેશભાઈ બ.નં.-૬૭૬૯ (૩) અ.લો.ર. કરણ ગીરધરભાઈ બ.નં.-૧૨૭૮૧ (૪) વુ.લો.ર. ફાલ્ગુનીબેન ચંદુલાલ બ. નં.- ૧૧૧૮૩

# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન :-

### "પ્રોહીબુટલેગર આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૨૨૧/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(બી) ૬૫(ઇ) ૮૧ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૦૧૦૨૫/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(બી) ૬૫(ઇ) મુજબ તથા (૩)નરોડા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૦૦૦/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) ૬૫(ઇ) મુજબના ગુનાઓ દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૭૧૨/૨૦૨૦ તા-૨૧/૦૮/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૨૧/૦૮/૨૦૨૦ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૧/૦૮/૨૦૨૦

**કામગીરી કરનાર અધિકારી / કર્મચારી**

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭

**આરોપીનુ નામ**

"વિક્કી તપોવન ઘાસી ઉ.વ.૨૭ રહે: સુભાષનગરના છાપરા તીવારી સ્કુલની પાછળ નોબલનગર અમદાવાદ શહેર



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૧/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૬ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૭૮૮ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૨/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૩/૨૦૨૦**

સાયબર ક્રાઈમઃ રેખાબહેન ડો/ઓ જીવણલાલ વાઘેલા (ઉ.વ.૩૪) (રહે. પ્રભાકર ટેનામેન્ટ, જી.ડી. સ્કુલ રોડ સૈજપુર બોઘા નરોડા) એ તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન Trade24fx limited કંપનીના અંકીત રાવલ તેમજ વિક્રાંત પટેલ મોબાઈલ નંબર ૭૪૩૩૦૮૧૧૨૮ તેમજ મોબાઇલ નંબર ૯૬૩૮૯૬૭૩૦૧, ૭૬૨૩૮૯૩૦૯૧, ૯૯૭૪૭૮૩૩૫૮, ૯૮૨૫૮૬૫૧૪૭, ૮૧૪૧૫૨૦૧૦૪ ના ધારક તથા યુનીયન બેંક એકાઉન્ટ નંબર : 353601010038976 IFSC CODE: UBIN0535362 જે એકાઉંટ નુ નામ 7 days enterprise તથા પેટીએમના બેંક એકાઉન્ટ નંબર 917096461181 IFSC CODE: PYTM0123456 ના ધારકોએ ભેગા મળી રેખાબહેન વાઘેલાને ફોન કરી Trade24fx limited કંપનીમાં ૧ લાખનું ઇન્વેસ્ટમેંટ કરવાથી સામે ૨ લાખ રૂપિયા જેટલો પ્રોફીટ મળી રહેશે તેવી લોભામણી વાતો કરી રેખાબહેન વાઘેલા પાસેથી કુલ રૂપિયા ૨,૯૯,૯૮૬/- ભરાવડાવી તેની સામે રેખાબહેન વાઘેલાને વિશ્વાસમાં લેવા ફક્ત રૂપિયા ૬૪,૮૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૨,૩૫,૧૮૬/- આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.યુ પરેવા ચલાવે છે.

**ચાંદખેડાઃ** કનુભાઇ મોહનલાલ પટેલ (ઉ.વ.૪૪) (રહે. ક્રિષ્ણા હાઇટ્સ ગોદરેજ ગાર્ડન સીટી રોડ જગતપુર) એ તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૦ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૮૫૦૯૦૬૮૨૬૧ ના ધારકે કનુભાઈ પટેલને ફોન કરી કનુભાઈનુ Paytmનુ KYC વેરીકેશન કરવાનો વિશ્વાસ અને ભરોસો આપી QS એપ ડાઉનલોડ કરાવડાવી એક લીંક મોકલી KYC વેરીફિકેશન કરવા સારૂ લીંક ઉપર ક્લીક કરવાનુ જણાવી કનુભાઈનો મોબાઇલ ફોન નેટથી ઓપરેટીંગ કરી, Paytmનો પાસવર્ડ જાણી કનુભાઈના બેન્કના ખાતા તેમજ Paytmના વોલેટમાંથી અલગ-અલગ રૂપિયા ૨૧,૫૮૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.તડવી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૪/૨૦૨૦**

**બાપુનગરઃ** જીતેન્દ્રભાઈ જગધારી યાદવ (રહે. જુની પટેલ સોસાયટી વિક્રમ મીલ પાછળ પ્રકાશ પેટ્રોલ પમ્પ પાસે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૨૧/૦૮/૨૦૨૦ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તાંબાનો વાયર કિમત રૂપિયા ૮૦૦૦/-, મોબાઈલ ફોન આ કિમત રૂપિયા ૫૦૦/-, તથા ઉપરના માળે રહેતા જીતેન્દ્રભાઈ યાદવના બનેવી રાજેશભાઈ સ/ઓ રામપ્યારે યાદવ નાઓના ઘરના દરવાજાનો હુક તોડી ઘરમા પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૬૦,૦૦૦/-, સોનાનુ નાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાની ચેઈન તથા લોકેટ કિમત રૂપિયા ૯૦,૦૦૦/-, કાનમાં પહેરવાના ઝુમખાની જોડી કિમત રૂપિયા ૪૫,૦૦૦/-, સોનાની હેર કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, સોનાની અંગુઠી નંગ-૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/-, ચાંદીની પાયલ પાંચ જોડી કિમત રૂપિયા ૧૨,૫૦૦/-, ચાંદીની અંગુઠીઓ પાંચ નંગ કિમત રૂપિયા ૧૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૯૮,૫૦૦/- તથા રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**સાતમા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૫/૨૦૨૦**

**ચાંદખેડાઃ** ચાંદખેડા મોટેરા સ્ટેડીયમ રોડ એચ.પી.પેટ્રોલપંપ સામે નવી બનતી ગ્રાંડ એમ્પોરીયોની સાઈટ પર રહેતા અને ત્યાજ કામ કરતા રમેશભાઈ હિમતભાઈ બારીયા (ઉ.વ.૨૨) (રહે. લખતી ગામ બારીયા વાડો દાહોદ) તા.૨૧/૦૮/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સાઈટના સાતમા માળે સેન્ટીંગનુ કામ કરતા હતા ત્યારે પગ લપસી જતા, બીજા માળના ધાબા ઉપર પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એસ.એમ.એસ. હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૬/૨૦૨૦**

**મણીનગરઃ** કાજલબહેન નિકુલભાઈ ઠાકોર (રહે. રબારી વાસ જુના ઢોર બજાર મણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૦ સાજના ૬/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિહ તખતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી